**R.C.S NO.15/2023**

આંક 13 અને 17 લગત હુકમ

---

1. વાદી એ હાલનો દાવો પ્રતિવાદી સામે પોતાની રહેણાંક ની જગ્યાનુ વીજ કનેક્શન પરત તથા પ્રતિવાદી એ આપેલ વીજબીલ રદ કરવા હુકમ મેળવવા કરેલ છે. હાલના દાવામાં આંક 12 થી મુદ્દા ફ્રેમ કરવામાં આવેલ છે. ત્યારબાદ પ્રતિવાદીએ આંક 13 થી અરજી આપેલ છે અને રજૂઆત કરેલ છે કે હાલ નો દાવો પ્રાથમિક મુદ્દા થી નિકાલ થઈ શકે છે જેથી આંક 12 થી મુદ્દા જે ફ્રેમ કરવામાં આવેલ છે તે પૈકી મુદ્દા નંબર 4 બાબતે નિર્ણય લેવા રજૂઆત કરેલ છે. સદર અરજી સામે વાદીએ આંક 18 થી જવાબ આપેલ છે. ત્યારબાદ વાદી એ જ્યાં સુધી અદાલત નો નિર્ણય ન આવે ત્યાં સુધી આંક 17 થી પોતાની રહેણાક ની જગ્યાનું કાપવામાં આવેલ વીજ કનેક્શન તાત્કાલિક પુનઃસ્થાપિત કરવા માટે વચગાળાની અરજી કરેલ છે. આ અરજી સામે પ્રતિવાદી એ આંક 21 થી પોતાનો જવાબ રજૂ કરેલ છે.
2. ઉપરોક્ત જણાવ્યા મુજબની આંક 13 અને આંક 17 ની અરજીઓમાં એક જ પ્રકારની હોઈ તેમજ બંને અરજીઓમાં મુખ્ય તકરાર એક જ હોઈ બંને અરજીઓ ની એક સાથે સુનાવણી કરવામાં આવેલ છે. ઉપરોક્ત અરજીઓની સુનવણી કરતા પહેલા હાલના દાવામાં આંક 12 થી જે મુદ્દા ફ્રેમ કરવામાં આવેલ છે જે પૈકી મુદ્દા નંબર 4 ધ્યાને લેતા નીચે મુજબ છે.

   *મુદ્દા નંબર 4 :- શું વાદી સાબિત કરે છે કે, તેઓ દાવાના સંજોગોમાં વીજ પુરવઠો પૂર્વરત થાય તે દાદ મેળવવા હક્કદાર છે ?*
3. **વાદી તરફે વિદ્વાન વકીલશ્રી એસ.ડી.ગોસ્વામી** ની રજૂઆત છે કે વાદી ઘણા સમયથી વીજ કનેક્શન વગર પોતાનું જીવન પસાર કરે છે જેથી તેમને તાત્કાલિક વીજ કનેક્શન અપાવવા રજૂઆત કરેલ છે.
4. **વાદી તરફે પોતે જાતે લાલજીભાઈ કે. પઢિયાર** તરફે મોખિક રજૂઆત છે કે પ્રતિવાદી એ પહેલા બાઈન્ડીંગ આપેલ છે કે ગુજરાત સ્ટેટ કમિશન જે નિર્ણય લેશે તે અમને બંધન કરતા રહેશે પરંતુ સ્ટેટ કમિશનના ઉપરવટ જઈને પ્રતિવાદી એ અમારું વીજ કનેક્શન કાપી નાખેલ છે જેથી બંધારણ ના આર્ટિકલ 14 અને 21 મુજબ અમોને મૂળભૂત હક્કો થી વંચિત રાખવામાં આવેલ છે. વધુમાં તેઓ જણાવે છે કે પ્રતિવાદીએ હાલના દાવામાં જે દલીલો આપેલ છે તે

ખોટી છે. વધુમાં તેમના તરફે રજૂઆત છે કે પ્રતિવાદી દ્વારા અગાઉ પણ અમારું વીજ કનેક્શન કાપવામાં આવેલ અને અમોને વીજ કનેક્શન પરત મળી ગયેલ છે તેનો ગુસ્સો રાખી પ્રતિવાદીએ ફરીથી અમારું વીજ કનેક્શન કાપેલ છે. વધુમાં તેઓ જણાવે છે કે અમો અમારી જાતિ પ્રમાણે અમોને ફ્રી કનેક્શન મળેલ છે અને બિલ ન ભરવાનું કારણ અમોને બી.પી.એલ. કેટેગરી નું ઓછા દરનું બીલ આપવું જોઈએ જે પ્રતિવાદીએ અમોને આપેલ નથી આ બાબત તેમણે જવાબ ના પેરા 3 માં જણાવેલ છે. જેથી જો પ્રતિવાદી બી.પી.એલ. કેટેગરી નું બિલ આપે તો અમો ભરવા સહમત છીએ જેથી અમોએ હાલનો દાવો દાખલ કરેલ છે અને અમોને તાત્કાલિક મફત વીજ કનેક્શન પરત આપવા અને બી.પી.એલ. કેટેગરી નું બિલ આપવા વિનંતી કરેલ છે.

5. **પ્રતિવાદી તરફે વિદ્વાન વકીલ શ્રી વાય. વી. મહેતા** તરફે રજૂઆત છે કે પ્રતિવાદી એ વાદીને કાયદેસરનું માર્ચ - એપ્રિલ 2023 નું રૂપિયા 50182.47/- નું વીજ બિલ આપેલ છે પરંતુ વાદીએ તે બિલ ભરેલ નથી જેથી પ્રતિવાદીએ ઇલેક્ટ્રિક સપ્લાય કોડ મુજબ વાદીને તે બીલ ભરવા માટે વારંવાર નોટિસ આપેલ છે. અને છેલ્લે તારીખ 21/03/2023 નાં રોજ વીજ બિલ ની રકમ રૂપિયા 50182.47/- તથા ડીલે પેમેન્ટ ચાર્જીસ ના રૂપિયા 10913.66/- મળી કુલ રૂપિયા 61096.13/- ની નોટિસ આપેલ છે તેમ છતાં વાદીએ તે બિલ ભરેલ ન હોય પ્રતિવાદી એ ના છૂટકે ઇલેક્ટ્રિક સપ્લાય કોડ મુજબ વાદીનું વીજ કનેક્શન કાપેલ છે. જેથી વાદી ઇલેક્ટ્રિક સપ્લાય કોડ મુજબ બિલની રકમ ભરપાઈ કરે તો જ વીજ કનેક્શન પરત મેળવવા હકદાર છે જેથી વાદી મુદ્દા નંબર 4 ની દાદ મેળવવા હક્કદાર નથી. આ માટે તેઓ નામદાર સુપ્રીમ કોર્ટ એ CIVIL APPEAL NO.5124 OF 2013 માં આપેલ Santosh Kumar @ Rana Ram Kalal Versus Ashok Chand and Others ના ચુકાદા પર આધાર રાખેલ છે.

6. ઉપરોક્ત તમામ રજૂઆતો ધ્યાને લેતા તથા પ્રતિવાદી તરફે રજૂ થયેલ ઉપરોક્ત ચુકાદો ધ્યાને લેતા, પ્રાથમિક મુદ્દા પૈકી જો કાયદા નો કોઈ મુદ્દો હોય તો તેનો નિર્ણય પ્રથમ કરવો જરૂરી છે. જેથી આ તબક્કે મુદ્દા નંબર 4 ધ્યાને લેવો જરૂરી છે જે નીચે મુજબ છે.

    *મુદ્દા નંબર 4 :- શું વાદી સાબિત કરે છે કે, તેઓ દાવાના સંજોગોમાં વીજ પુરવઠો પૂર્વરત થાય તે દાદ મેળવવા હક્કદાર છે ?*

ઉપરોક્ત જણાવેલ મુદો ધ્યાને લેતા, દાવા ના સંજોગો મુજબ પુરાવા ના અંતે પ્રતિવાદી તરફે રજૂ થયેલ બિલ રદ ઠરાવવામાં આવે તો વાદી મુદ્દા નંબર 4 ની દાદ મેળવવા હકદાર બને છે જેથી મુદ્દા નંબર 4 એ હાલના દાવામાં આંક 12 થી જે અન્ય મુદ્દા ફ્રેમ કરવામાં આવેલ છે તેના સાથે સંબંધ ધરાવે છે જેથી કાયદા નો મુદ્દો કહી શકાય નહિ અને તે મુદ્દા નંબર 4 નો નિર્ણય હાલના તબક્કે લઈ શકાય નહિ. જેથી પ્રતિવાદીએ આંક 13 ની અરજીમાં કરેલ રજૂઆત મુજબ હાલ નો દાવો પ્રાથમિક મુદ્દા થી નિકાલ થઈ શકે તેમ નથી.

7. વધુમાં વાદી ની આંક - 17 થી પોતાની રહેણાક ની જગ્યાનું કાપવામાં આવેલ વીજ કનેક્શન તાત્કાલિક પુનઃસ્થાપિત કરવા માટે વચગાળાની અરજી કરેલ છે.

8. આ તબક્કે પ્રતિવાદી ની દલીલ તેમજ ઇલેક્ટ્રિક સપ્લાય કોડ ની જોગવાઈ તથા નામદાર ગુજરાત હાઈકોર્ટ ની ડિવિઝન બેંચે Kiran Industries, Mehsana Versus Gujarat Electricity Board, Baroda માં આપેલ ચુકાદા ધ્યાને લેતા, તેના પેરા 30 (IV) માં નીચે જણાવેલ છે.

> *(iv) In case a suit is brought before the Court questioning the legality and validity of a bill for consumption with higher charges issued by the Board without the suitor's availing of the alternative remedy of appeal and the suitor is found disinclined to avail of the alternative remedy of appeal and insists on grant of interim relief against disconnection for non-payment of the bill, the Court should refuse interim relief by pressing into service Sec. 41(.h) of the S.R. Act. It is clarified that in no case any interim relief against disconnection of electricity supply without payment of the bill for consumption with higher charges under challenge should be granted. The consumer should be ordered to pay the bill in question in full to the Board for claiming the interim relief against disconnection for its non payment.*

9. આમ, ઉપરોક્ત ચુકાદો ધ્યાને લેતા, હાલના દાવામાં વાદી જો વીજબીલ ની રકમ પૂરેપૂરી ભરપાઈ કરવા તૈયાર હોય તો જ તેમને વીજ કનેક્શન પરત વચગાળાની રાહત સ્વરૂપે મળવા હક્કદાર છે. પરંતુ વાદી એ પોતાની આંક 17 ની અરજીમાં વીજબીલ ભરવા બાબતે કોઈ રજૂઆત કરેલ નથી તેમજ વાદી એ પોતે જે દલીલ કરી છે તે ધ્યાને લેતા જણાવેલ છે કે જો પ્રતિવાદી બી.પી.એલ. કેટેગરી નું બિલ આપે તો અમો ભરવા સહમત છીએ જેથી વાદી હાલમાં પ્રતિવાદી એ આપેલ બીલ ની રકમ ભરપાઈ કરવા માંગતા ન હોય વાદી ને વીજ કનેક્શન પરત વચગાળાની રાહત સ્વરૂપે મળવા હક્કદાર નથી. આમ, ઉપરોક્ત જણાવ્યા મુજબ ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

<u>હુકમ</u>

1. વાદીની આંક 17 થી પોતાની રહેણાક ની જગ્યાનું કાપવામાં આવેલ વીજ કનેક્શન તાત્કાલિક પુનઃસ્થાપિત કરવા માટે વચગાળાની અરજી નામંજૂર કરવામાં આવે છે.
2. પ્રતિવાદીની આંક 13 થી હાલનો દાવો પ્રાથમિક મુદ્દા થી નિકાલ કરવાની અરજી નામંજૂર કરવામાં આવે છે.
3. ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

હુકમ આજ રોજ સને 2023 ના ઑગસ્ટ મહિનાની 09 તારીખે ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ - 09/08/2023
સ્થળ - ધ્રોલ

(મિલાપ એ. કોટડીયા)
કોડ નંબર - જીજે ૦૧૬૩૪
પ્રિન્સિપાલ સિવિલ જજ,
ધ્રોલ.